**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

# સિવિલમાં શરદી-ખાંસી અને તાવના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શરદી-ખાંસી અને તાવના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. દર્દીઓના ધસારાને પગલે સિવિલમાં ઓપીડી વિભાગમાં તાવ શરદી અને ખાંસીની અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જયારે સામાન્ય દિવસોમાં ઓપીડીમાં રોજના ૧૫૦૦ જેટલા દર્દીઓ લાભ લેતા હતા, તેના સ્થાને હાલ ઓપીડીમાં રોજના ૨૦૦૦ જેટલા દર્દીઓ નોંધાય છે. સિવિલની ઈન્ડોર વિભાગ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યો છે. વાઈરલ ફીવરની સાથેસાથે મેલેરીયા, ટાઈફોઈડ, કમળા, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દીઓ જોવા મળી રહ્યા છે.

શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી તો બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. બિન આરોગ્યપ્રદ સિઝનને પગલે બિમારીના દર્દીઓ વધી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં હાલના સમયે ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. મોડી રાત સુધી ખાનગી કલીનીકમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. શરદી-ખાંસીના દર્દીઓ દરેક દવાખાને જોવા મળી રહ્યા છે.વૈશ્વિક સ્તરે કોરોના વાયરસને લઈને ચિંતાજનક સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે શરદી-ખાંસી અને તાવના દર્દીઓ હવે ઘરગથ્થુ ઉપચારોને ભરોસે રહેવાને બદલે હોસ્પિટલ ચેકઅપ કરાવી લેવાનું હિતાવહ સમજતા હોવાથી દર્દીઓનો ધસારો વધી જવા પામ્યો છે. શહેરની સિવિલમાં સામાન્ય દિવસો કરતા ઓપીડીમાં ૫૦૦ જેટલા દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા શરદી અને તાવની સ્પેશ્યલ ઓપીડી શરુ કરવામાં આવી છે, જેમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે. બેવડી ઋતુને પગલે વાતાવરણમાં લઘુતમ અને મહતમ તાપમાન વચ્ચેનો ગાળો વધુ રહેતો હોવાથી શરીરનો અનુકુલન અઘરુ બનતુ હોય જે નાગરીકોના સ્વાસ્થય પર અસર પહોંચાડે છે. આર્યુવેદમાં આ સમયને ઋતુ સંધિકાળ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં એક ઋતુમાંથી બીજા ઋતુ તરફનું પ્રયાણ મોટેભાગે બિમારીને નોંતરે તેવું રહેતુ હોય છે. ત્યારે સિવિલ વાઈરલ ફીવરના દર્દીઓથી ઉભરાઈ રહી છે.

# શહેરમાં ફ્રુટના ભાવમાં વધારો

## દ્રાક્ષ ૧૦૦ રૂપિયે કિલો, દાડમ ૭૦ રૂપિયે અને સફરજન ૧૦૦ રૂપિયે કિલો એમ વેચાઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૧૦

શિયાળામાં લીલા શાકભાજી સાથે ફ્રુટસનું સેવન પણ કરવું તેવું ડૉકટર તો કહે જ છે પરંતુ શહેરીજનો પણ આ બાબતે સજાગ છે. મોર્નિંગ વોકથી સ્વાસ્થય જાળવવાની સાથોસાથ હેલ્ધી અને હાઈડ્રેડ રહેવું પણ આજે મહત્વનું છે તેમ માની ફ્રુટસનું સેવન પણ શહેરીજનોમાં વધી રહ્યું છે. આ સાથે શહેરમાં ફ્રુટના ભાવમાં પણ વધારો જણાઈ રહ્યો છે.

મોંઘવારી દરેક વસ્તુમાં નડે છે ત્યારે ફ્રુટના ભાવમાં પણ હાલ મોંઘવારીની અસર જણાઈ રહી છે. જેમાં ચીકુ કિલોએ



૮૦ રૂ., સંતરા ૪૦ રૂ., સફરજન ૮૦ થી ૧૦૦ રૂ. કિલો, દ્રાક્ષ ૧૦૦ થી ૧૨૦ રૂ. કિલો, જામફળ ૬૦ થી ૮૦ રૂ. કિલો, દાડમ ૭૦ રૂ., ટેટી ૪૦ રૂ. કિલો, એપલ બોર ૪૦ રૂ., કેળા ૪૦ રૂ. ડઝન તથા અનાનસ ૫૦ થી ૭૦ રૂ. નંગ એમ વેચાઈ રહ્યા છે. શહેરમાં ફ્રુટનો વેપાર કરતા વેપારી નગિનભાઈના જણાવ્યા મુજબ સફરજનના ભાવમાં ૨૦ રૂ. જેટલો વધારો થયો છે સાથે ચીકુ ઓફ સિઝનમાં મળે છે જેથી તેના ભાવ ડબલ થયા છે. જામફળ અને બોરની સિઝન પૂરી થતી હોવાથી ભાવ વધુ છે ત્યારે દાડમની સિઝન આવનાર છે ત્યારે શરૂઆતમાં ભાવ ૭૦ રૂ. કિલો છે. આમને આમ ફ્રુટના ભાવ વધુને વધુ રહ્યા તો લાગે છે કે ગૃહિણીઓએ ફ્રુટ ખરીદવાનો બદલે ટામેટાથી જ કામ ચલાવવું પડશે.

# લગનગાળાની સીઝનમાં જ શહેરના અનેક એટીએમ કેન્દ્રો ‘કેશલેસ’ બન્યા...!!!

## શનિ-રવિની બે દિવસ બેકિંગ રજા પછી સોમવારે એટીએમ કેન્દ્રો પર સર્જાયેલી સ્થિતિથી ગ્રાહકો પરેશાનીનો ભોગ બન્યા

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં શનિ-રવિની રજા પછી સોમવારે બેંકો ખુલી હતી જે સાથે જ ગ્રાહકોએ પોતપોતાના બેકિંગ કામકાજ માટે લાઈનો લગાવી હતી. બીજી તરફ શહેરમાં ચાલી રહેલા લગ્નગાળાની સીઝનમાં જ સોમવારે અનેક એટીએમ કેન્દ્રો પર ‘કેશ’ ખુટી જવાથી જેમને રોકડાં નાણાંની જરૂર હતી તેવા ગ્રાહકો પરેશાનીનો ભોગ બન્યા હતા.

સોમવારે શહેરના સેકટર-૬, સેકટર-૧૬ અને સેકટર-૧૧ સહિત વિવિધ એટીએમ કેન્દ્રો ‘કેશલેસ’ થઈ જવાની સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. એક તરફ શનિ-રવિની રજાઓ બાદ બે દિવસ પછી બેંકો ખુલી હતી તેથી કામનું ભારણ સ્વાભાવિક રીતે જ વધુ હતું. આ સ્થિતિમાં લગ્નગાળાની સીઝનમાં રોકડાં નાણાંની જરૂરિયાત વાળા ગ્રાહકોને પરેશાનીનો ભોગ બનવું પડયું હતું. ગ્રાહકો કેશ મેળવવા એક એટીએમથી બીજા એટીએમમાં ફરતા રહ્યા હતા પરંતુ મોટા ભાગના એટીએમમાં ‘નો કેશ’ આવતું હોવાથી બેંકની શાખામાં જઈને ચેકથી રોકડા નાણાં ઉપાડવા ગયા હતા જયાં ગ્રાહકોની ભીડના કારણે ટ્રાન્ઝેકશન લોડ વધી જતાં કેશ મેળવવા ખૂબ રાહ જોવી પડી હતી. આ પરિસ્થિતિ શહેરના સેકટર-૬, સેકટર-૧૬ અને સેકટર-૧૧ના એટીએમ કેન્દ્રો પર સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં વિવિધ ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકોના એટીએમ કેન્દ્રોનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર એટીએમ કેન્દ્રો પર દરરોજ કેશ ભરવા રોકડ લઈને જે ગાડી આવે છે તે આજે આવી ના હોવાથી આ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે જિલ્લા કક્ષાનો ઉર્જા ઉત્સવ-૨૦૨૦ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના ઉપક્રમે ગુજકોસ્ટ માન્ય જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગસાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા-૧૨મી ફેબ્રુઆરી, બુધવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરના ૩:૦૦ વાગ્યા દરમ્યાન મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬ ખાતે જિલ્લા કક્ષાના ઉર્જા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ઉર્જા વિકાસ એજસી દ્વારા ૨૦૦૪થી શાળાઓમાં બાલઉર્જા રક્ષક દળ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓને ઉર્જા પ્રત્યે જાગૃત બને અને ઉર્જા સંરક્ષણનું મહત્વ સમજે તે હેતુથી દરેક જિલ્લાઓમાં ‘અવેરનેસ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી’ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ૯૦ શાળાઓમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. ઉર્જા ઉત્સવમાં ઉદઘાટક તરીકે જેડાના સિનિયર ઓફિસર એસ.બી. પાટિલ, અતિથિ વિશેષ તરીકે જિલ્લા તાલીમભવન ગાંધીનગરના પ્રિન્સિપાલ ડો. આઈ.વી. પટેલ, મહાત્મા ગાંધી સ્કૂલના કો-ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડો.અનિલ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ ઉર્જા ઉત્સવમાં ઉર્જા જાગૃતિ રેલી, ઉર્જા રમત, ઉર્જા ચિત્ર સ્પર્ધા, ઉર્જા ક્વિઝ, ઉર્જા પ્રદર્શન, ઉર્જા ફિલ્મ શો જેવા વિવિધ કાર્યક્રમો થશે અને વિદ્યાર્થીઓ તેમાં ભાગ લેશે. સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે મોમેન્ટો અને પ્રમાણપત્રો આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં શાળાના આચાર્ય એલ. વી. રાતડીયા તથા નિસર્ગના કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ સંકલન કરી રહ્યા છે.

# ચ માર્ગ પર બીએસએનએલ પાસે અરટીગા અને એકટીવા વચ્ચે અકસ્માત : બે ને ઈજા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ જતા વાહનો ગમે તે સમયે અકસ્માત નોતરે છે. શહેરના વાહનચાલકો ટ્રાફિક નિયમનની ઐસી તૈસી કરીને વાહનો હંકારી રહ્યા છે. ત્યારે શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યા વધી રહી હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ચ માર્ગ પર તાજેતરમાં બીએસએનએલ કટ પાસે શાળાએ મુકવા માટે જઈ રહેલા એકટીવા ચાલક આધેડનો અરટીગા કારે અડફેટે લીધા હતા. એકટીવા પર સવાર દાદા અને પૌત્ર બંનો માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. બંન્ને ઈજાગ્રસ્તોનો તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૪ ખાતે રહેતા વિશાલભાઈ દિનેશભાઈ બ્રહ્મભટ્ટ તેમના પિતા ચાર દિવસ અગાઉ તેમના ૧૦ વર્ષિય પુત્ર ધ્યેયને સેન્ટ ઝેવિયર્સ ખાતે મુકવા માટે જઈ રહ્યા હતા. તે સમયે સાડા દશ વાગ્યાના અરસામાં બીએસએનએલ કટ પાસે ચ માર્ગ ઓળંગવા જઈ રહ્યા હતા તે દરમિયાન કાર ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. જેમાં ધ્યેયનો શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા થતા તે બેભાન થઈ ગયો હતો. જયારે દિનેશભાઈનો મોંઢા તેમજ માથાના ભાગે હાથે પગે ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જનાર જ ઘાયલ દાદા-પૌત્રનો સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયો હતો. જયા ધ્યેય ખાનગી હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર હેઠળ છે જયારે દિનેશભાઈને માથાના ભાગે ઈજા થઈ છે તેમજ પગે ફ્રેકચર હોવાથી સારવાર માટે દાખલ છે. બાળકના પિતાએ ત્રણ દિવસ બાદ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



માનવ કલ્યાણ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯થી ૨૧-૨૨ સ્થિત સે-૧૧ જુમ્મા મસ્જિદ બહાર નમાઝ પછી ગરીબોને ફુડ પેકેટ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી યુસુફખાન જે. પઠાણ દ્વારા આપવામાં આવે છે. આ સેવાકાર્યમાં મદદ કરવા ઈચ્છુકને ૯૮૯૮૦૯૭૮૪૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ભાવસાર સમાજ ગાંધીનગરનો વાર્ષિકોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૧૦

ભાવસાર સમાજ ગાંધીનગરનો વાર્ષિકોત્સવ જુના સચિવાલય કેન્ટીનમાં યોજાયો હતો. સમારંભના પ્રમુખસ્થાનો અનિલભાઈ ભાવસાર તથા મંડળના પ્રમુખ જનકભાઈ (પેથાપુર) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂ. હિંગળાજ માતાજીને દીપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મંડળના મંત્રીએ વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક કાર્યક્રમની વિગતો રજુ કરી હતી. મનોરંજન કાર્યક્રમમાં અદિતિ, નિષ્ઠા, કશિશ તથા ખ્યાતિ, નૈતિક, પર્વ વગેરેએ વિવિધ કૃતિઓ રજુ કરી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અનિલભાઈ, હર્ષદભાઈ, મહેન્દ્રભાઈ, નવનીતલાલ, નિશાંત કનૈયાલાલનું સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત થયેલા રાજેશભાઈ, દર્શનાબેન, સુરેશભાઈનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન જયપ્રકાશભાઈ તથા મહેન્દ્રભાઈએ કર્યું હતું.



ગાંધીનગરના રહીશ એવા જીગ્નેશભાઈ ઠકકરને થરપારકર લોહાણા ચોવીસી મહાજન દ્વારા ભાભર ખાતે રઘુવંશી યુવા રત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં.

# પીડીપીયુના પેટ્રોકેપ ૨૦૨૦નું જર્સી લોન્ચિંગ યોજાયું



ન્યુ ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીથી યુનિવર્સિટી કક્ષાનો રમતોત્સવ ‘પેટ્રો કપ-૨૦૨૦’નો પ્રારંભ થઈ રહ્યો છે. પેટ્રોકપ-૨૦૨૦માં ૧૮ જેટલી વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે જેમાં અંદાજે ૨૫૦૦ જેટલાં ખેલાડીઓ ભાગ લેશે. વિવિધ રમતોની પીડીપીયુની ટીમોની જર્સીઓનું આજે રંગારંગ કાર્યક્રમ દ્વારા લોન્ચિંગ યોજાયું હતું. આ સાથે પેટ્રોકપ ૨૦૨૦ના ‘મેસ્કોટ’ને પણ લોન્ચ કરવામાં આવ્યો હતો.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે “વિજ્ઞાનની નવીનતમ ક્ષિતિજો” પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૦

ભારતના પનોતા પુત્ર અને નોબલ પારિતોષિક વિજેતા ડૉ.સી.વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગરના માર્ગદર્શન નીચે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ફેબ્રુઆરી માસમાં દશ જેટલા જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે ડૉ.અનીલ પટેલ નું “વિજ્ઞાનની નવીનતમ ક્ષિતિજો” વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેમણે સ્પેસ સાયન્સ, રોબોટીકસ, કોમ્યુનીકેશન, એનર્જી, હેલ્થ જેવા વિવિધ ક્ષેત્રોમાં થયેલ નવીન સંશોધનો વિષે રસપ્રદ વાતો વિદ્યાર્થીઓને કરી હતી તથા પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ તેમણે ખુબજ સરળભાષામાં આપ્યા હતા. શાળાના શિક્ષક હેમાંગીની બહેને સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.




અરવિંદ કેન્દ્ર દ્વારા રવિવારના રોજ માતાજીના ભારતના કાયમી નિવાસ આગમન શતાબ્દી વર્ષ નિમિત્તે સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભરતનાટયમ, કથ્થક અને શાસ્ત્રીય સંગીત (ગાયન-વાદન)ના કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિ રજૂ કરવામાં આવી હતી.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેકડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન**
૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩**
૭.૦૦
**તાન્હાજી**
૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેકડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેકડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મલંગ**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**તાન્હાજી**
૯.૩૦
**શિકારા**
૧૨.૩૦, ૧૦.૦૦
**હેકડ**
૩.૦૦, ૭.૪૫
**જવાની જાનેમન**
૧૨.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૩૦
**સ્ટ્રીટ ડાન્સર**
૩.૩૦, ૯.૩૦

## ચક્ષુદાન

ગાંધીનગર નિવાસી સ્વ. કલ્પનાબેન ચંદ્રવદન મોદીના અવસાન બાદ તેમના કુટુંબીજન ચંદ્રવદન મોદીની સંમતિથી જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં ડી.વેલુ, શની વાઘેલા તથા દીલીપભાઈ દંતાણીએ સેવા પુરી પાડી હતી.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી બાલુબેન સોમાજી, ઉ.વ. ૭૨
- સ્વ. ડાહ્યાભાઈ કડવાભાઈ ભરવાડ, ઉ.વ. ૧૦૧
- સ્વ. શંભુ ચીતે રાણા, ઉ.વ. ૫૫
- સ્વ. મકવાણા કેશાભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૩૮
- સ્વ. મધુબેન મનુભાઈ શુકલ, ઉ.વ. ૬૩
- સ્વ. મોનાબા પ્રભાતભાઈ રબારી, ઉ.વ. ૧૦૫
- સ્વ. પટેલ નટવરલાલ વાડીલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. વિરાભાઈ કરશનભાઈ ભંગી, ઉ.વ. ૩૫
- સ્વ. જયશંકર મુળશંકર જોષી, ઉ.વ. ૮૯